| (2) | (iv) | (iii) | (i) | (ii) |
| (3) | (i) | (iii) | (ii) | (iv) |
| (4) | (iv) | (iii) | (ii) | (i) |

**Sol.** **(4)**

**115.** વૃક્ષારોપણ વૈશ્વિક ગ્રીષ્મતા (ગ્લોબલ વોર્મીંગ) ઘટાડવામાં મદદરૂપ છે કારણ કે વૃક્ષો –

(1) $O_2$ નું ઉત્સર્જન કરે છે.

(2) છાંયો બનાવી, જમીન ઠંડી કરે છે.

(3) $CO_2$ને ગ્રાહી લે છે.

(4) પ્રકાશમાં શ્વસન કરી શકે છે.

**Sol.** **(3)**

**116.** વન મહોત્સવ, આનો ઉત્સવ છે :

(1) ખુલ્લા વિસ્તારોમાં વૃક્ષો રોપવાનો

(2) વૃક્ષોનું જતન કરવાની શપથ લેવાનો

(3) વૃક્ષોની પૂજા કરવાનો

(4) પવિત્ર વૃક્ષવાટિકાઓનું સંરક્ષણ કરવાનો

**Sol.** **(1)**

**117.** નિવસન તંત્રોમાં જૈવ વિવિધતાને લગતી રીવેટ પોપર સિધ્ધાંત કયો વૈજ્ઞાનિકે સૂચવ્યો હતો ?

(1) એલેકઝંડર વોન હમબોલેડટ

(2) પાઉલ એહરીચ

(3) ડેવીડ ટીલમેન

(4) ટેન્સલે

**Sol.** **(2)**

**118.** ખોટું વિધાન પસંદ કરો :

(1) પ્રભાવીપણાનો નિયમ અને કારકોના મુક્ત વિશ્લેષણનો નિયમ - બન્ને મેન્ડલે આપ્યા હતા.

(2) સંલગ્નતા અને પુનઃસંયોજનની શોધ સટને કરી હતી.

(3) સન 1900 માં ત્રણ વૈજ્ઞાનિકોએ સ્વતંત્ર રીતે મેન્ડલના નિયમોની ફરીથી શોધ કરી.

(4) આનુવંશિકતાનો રંગસૂત્રીય વાદ સટને આપ્યો.

**Sol.** **(2)**

**119.** સતત સ્વપરાગણ આમા પરિણમે છે :

(1) સંકરઓજ (2) અંતઃપ્રજનનું અવનમન

(3) બહુભ્રુણતા (4) જનીન વિચલન

**Sol.** **(2)**

**120.** જે પુષ્પવિન્યાસમાં તરૂણ પુષ્પો તલસ્થ સ્થાને હોય અને પુખ્ત પુષ્પો અગ્રીય હોય તેને આ કહેવાય :

(1) સ્તબક (2) અપરિમિત

(3) પરિમિત (4) ઉદુંબર

**Sol.** **(3)**

**121.** મહાદ્રિપોના ખસવાને લીધે ઘણા બધા દક્ષિણ અમેરિકાના સસ્તનો અદશ્ય થયા કારણ કે :

(1) ચેપી રોગોનો અતિ ફેલાવો થવાથી

(2) આબોહવા સ્થિતિમાં અચાનક પરિવર્તન થવાથી

(3) ઉત્તર અમેરિકાથી વધુ ઉત્ક્રાંત થયેલ પ્રાણીઓનું અહિ સ્થળાંતર થવાથી તેઓ સ્પર્ધામાંથી બહાર ફેકાયાં

(4) તેમના અસ્તિત્વને ટકાવવા વનસ્પતિમાં થતા ફેરફારો સાનુકુળ ન હતા

**Sol.** **(3)**

**122.** મેન્ડલના વટાણા પરના પ્રયોગોને અનુલક્ષીને, નીચે પૈકી કયું સાચું નથી ?

(1) તેમણે બે વિરોધાભાસી અવસ્થાઓના લક્ષણો પસંદ કર્યા હતા.

(2) તેમણે શુધ્ધ વંશક્રમ વાપર્યા હતા

(3) તેમનું અવલોકન કુદરતી અને મુક્ત પરાગનયન પર આધારિત હતું

(4) તેમના પ્રયોગોમાં પ્રતિદર્શનું કદ વિશાળ હતું

**Sol.** **(3)**

**123.** રીસ્ટ્રીકશન એન્ડોન્યુકલીએઝ, આ છે :

(1) અંતઃપાત્ર DNA સંશ્લેષણ માટે વપરાય છે.

(2) જીવાણું દ્વારા તેમની બચાવ પ્રક્રિયાના ભાગરૂપે સંશ્લેષિત થાય તે

(3) સસ્તોનાના કોષમાં, મૃત્યુ પર્યંત, તેના DNA ના વિઘટન માટે આવેલ હોય તે

(4) જનીન ઈજનેરી વિદ્યામાં, DNA ના બે અણુઓને જોડવા માટે વપરાય તે

**Sol. (2)**

**124.** નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?

(1) હેન્લેના પાશનો અધોગામી હસી દ્રાવ્યો માટે અપ્રવેશશીલ હોય છે.

(2) $K^+$ અને $Na^+$ ની સમસ્થિતિ જાણવાનું કાર્ય દૂરસ્થ ગુંચળામય નલિકા કરે છે.

(3) હેન્લેના પાશનો અધોગામી હસ્ત પાણી માટે અપ્રવેશશીલ હોય છે.

(4) સાંદ્રિત મૂત્ર માટે હેન્લેનો પાશ બહુધા જવાબદાર હોય છે.

**Sol. (3)**

**125.** નીચે પૈકી કઈ જોડી સાચી નથી ?

| વાનસ્પતિક પ્રજનન ભાગ | ઉદાહરણ |
|---|---|
| (1) ભૂસ્તારિકા | જળકુંભી |
| (2) આંખ | બટાકા |
| (3) ગાંઠામૂળી | આદુ |
| (4) વિરોહ | રામબાણ |

**Sol. (4)**

**126.** આવૃત બીજધારીના ભ્રૂણપુટને અનુલક્ષીને કયું સાચું નથી ?

(1) તે એક અંડકની અંદર આવેલ હોય છે.

(2) તે માદા જન્યુજનક દર્શાવે છે.

(3) તેના નિર્માણ પહેલા અર્ધીકરણ થાય છએ.

(4) ફલન દરમ્યાન તેનામા એક નર જન્યુ છુટું પડે છે.

**Sol. (4)**

**127.** નીચે પૈકી કયું ઉત્સેચક, પ્રોટીન નથી ?

(1) પોલીમરેઝ (2) લીગેઝ

(3) લાયસોઝાઈમ (4) રીબોઝાઈમ

**Sol. (4)**

**128.** DNA ફિંગરપ્રિન્ટીંગની તકનીક, પારંપરિક ફિંગરપ્રિન્ટીંગ કરતા ઉચ્ચ છે કારણ કે તે :

(1) તે દરેક અંગુલી માટે અજોડ ફિંગરપ્રિન્ટ ઉત્પન્ન કરે છે.

(2) બે વ્યકિતઓની આખી DNA શ્રેણી સરખાવે છે.

(3) વિવિધ વ્યકિતોની બહુરૂપી DNA શ્રેણીઓને અલગ પાડી શકે છે.

(4) વધુ ત્વરિત રીતે ઉત્પન્ન થાય છે અને તે સોંઘુ છે.

**Sol. (3)**

**129.** પેટ્રોમાયઝોનને અનુલક્ષીને ખોટું વિધાન પસંદ કરો.

(1) શરીર શલ્ક વિહિન હોય છે.

(2) મુખ વર્તુળી અને જડબા વગર હોય છે.

(3) અંડજનન માટે સમુદ્ર તરફ સ્થાનાંતરણ કરે છે.

(4) પરિવહનતંત્ર (અભિસરણ તંત્ર) બંધ હોય છે.

**Sol. (3)**

**130.** નીચે પૈકી કઈ સમમીયતા શૂળત્વચી ડીમ્ભ દ્વારા દર્શાવાય છે?

(1) અરીય (2) અસમમિતી

(3) દ્વિઅરીય (4) દ્વિપાર્શ્વ

**Sol. (4)**

**131.** Bt cotton માં Bt નો અર્થ :

(1) પીંક બોલવર્મની પ્રતિકાર સામે બેસીલો વાઈરસની સારવાર મળેલ કપાસના બીજ

(2) કપાસનો રોગપ્રતિકાર ધરાવતો લાંબો તાંતણો જેને વધુ સારી તાણ ક્ષમતા હોય.

(3) એ કપાસ જે રીસ્ટ્રીકશન ઉત્સેચક અને લીગેઝ દ્વારા જૈવ તકનીકથી ઉત્પન્ન કરાય છે. જે સૂક્ષ્મજીવાણું ચેપને પ્રતિકારક હોય છે.

(4) પીંક બોલ વર્મ સામે જે કપાસના બીજ બેસીલીસ થુરીન્જીએન્સીસમાંથી મેળવેલ એન્ડોટોકસીનની જનીન ધરાવે છે.

**Sol. (4)**

**132.** એક યુગ્લે કોર્ટમાં દાવો કર્યો કે બાળક તેમનું છે આ દાવો ત્યારે સાચો હોય જયારે બાળકના DNA ફિંગરપ્રિન્ટની ભાત આ દર્શાવે :

(1) બંને પિતૃઓના DNA ફિંગરપ્રિન્ટ સાથે 100% સામ્યતા દર્શાવે કારણ કે ફલિતાંડ નિર્માણમાં બંનેનું સમાન યોગદાન હોય છે.

(2) માતાના DNA ફિંગરપ્રિન્ટ સાથે 100% સામ્યતા દર્શાવે કારણ કે આ માતૃ આનુવંશિકતા છે.

(3) પિતાના DNA ફિંગરપ્રિન્ટ સાથે 100% સામ્યતા દર્શાવે કારણ કે શુક્રાણુઓમાં મોટી સંખ્યામાં કણભસૂત્રો આવેલા હોય છે.

(4) DNA ફિંગરપ્રિન્ટની ભાતમાં 50% માતા અને 50% પિતા સાથે સામ્યતા દર્શાવે.

**Sol. (4)**

**133.** ખોટું વિધાન પસંદ કરો.

(1) હવે, એવી પૂરતી સાબિતી છે કે આવશ્યક પ્રક્રિયાઓ જેવી કે ચયાપચય, પ્રોટી સંશ્લેષણ અને સપ્લાઈસીંગનો ઉદ્ભવ RNA ની આસપાસ (ફરતે) થયો હતો.

(2) DNA ઉત્પ્રેરક તરીખે કામ કરી શકે

(3) RNA સ્વછેદન કરી શકે (સ્પ્લાઈસ) અને ઉત્પ્રેરક તારીખે પણ કાર્ય કરી શકે છે.

(4) DNA, જનીનિક માહિતીનો સંચય કરે છે.

**Sol. (2)**

**134.** નીચે પૈકી કયુ વિધાન સાચુ નથી ?

(1) એક જ સજીવ વિવિધ પોષક સ્તરોએ પોષણ મેળવી શકે છે.

(2) મૃપોપજીવીએ બધા પોષક સ્તરોએ પોષણ મેળવી શકે છે.

(3) પ્રાથમિક ઉપભોક્તાઓ તૃણાહારી હોય છે.

(4) નિવસન તંત્રના ઊર્જા પિરામીડ ઉચ્ચ પોષક સ્તરો તરફ જતા ઘટતી જાય છે.

**Sol. (2)**

**135.** મરાસ્મસ અને ક્વાશીયોરકર વચ્ચે તફાવત છે ?

(1) મરાસ્મસ વિટામીન B ની ઊણપથી થાય છે. જયારે ક્વાશીયોરકર વિટામીન D ની ઊણપથી થાય છે.

(2) મરાસ્મસ કેલરીની ઊણપથી થાય છે જયારે ક્વાશીયોરકર પ્રોટીનની ઊણપથી થાય છે.

(3) મરાસ્મસ, એક સાથે પ્રોટીન અને કેલરી બંનેની ઊણપથી થાય છે જયારે ક્વાશીયોરકર એ માત્ર પ્રોટીનની ઊણપ છે, કેલરીની નહીં.

(4) મરાસ્મસ એ માત્ર પ્રોટીનની ઊણપ છે જયારે ક્વાશીયોરકર એ પ્રોટીન અને કેલરી બનેની ઊણપ છે.

**Sol. (3)**

# PHYSICS

**136.** પ્રતિ ન્યુક્લિયર વિખંડન ઉત્સર્જીત ઊર્જા 200 MeV છે. જો $10^{20}$ વિખંડન પ્રતિ સેકન્ડ થતા હોય તો ઉત્પન્ન થતા પાવરનો જથ્થો હશે :

(1) $32 \times 10^8$ W (2) $16 \times 10^8$ W

(3) $5 \times 10^{11}$ W (4) $2 \times 10^{22}$ W

**Sol.** વિખંડન ઊર્જા 200 MeV (વિખંડન સંખ્યા = $10^{20}$)

પ્રતિ સેકન્ડ પાવર = $10^{20} \times 200$ MeV

$= 10^{20} \times 200 \times 10^6 \times 1.6 \times 10^{-19}$ J/s

$P = 32 \times 10^8$ W

**137.** જો પ્રિઝમ કોણ $60^0$ અને લઘુત્તમ વિચલન કોણ $40^0$ હોય, તો વક્રીભવન કોણ થશે :

(1) $30^0$ (2) $20^0$ (3) $3^0$ (4) $4^0$

**Sol.** પ્રિઝમકોણ A = 60° લઘુતમવિચલન કોણ 40°

જો લઘુત્તમ વિચલન થાય $r_1 = r_2 = r$

$r = \frac{A}{2}$ $r = \frac{60^0}{2}$ $r = 30^0$

**138.** ફોટોઈલેક્ટ્રિક ઈફકટના એક પ્રયોગમાં $\lambda$ અને $\lambda/2$ તરંગલંબાઈના આપાત પ્રકાશ માટે માપવામાં આવતા સ્ટોપિંગ પોટેન્શિયલ અનુક્રમે $V_1$ અને $V_2$ છે. આ $V_1$ અને $V_2$ વચ્ચેનો સંબંધ છે.

(1) $V_2 < V_1$

(2) $V_1 < V_2 < 2V_1$

(3) $V_2 = 2V_1$

(4) $V_2 > 2V_1$

**Sol.** $ev_1 = \frac{hc}{\lambda} - \varnothing$ .......(1)

$ev_2 = \frac{2hc}{\lambda} - \varnothing$ ........(2)

$2ev_1 = \frac{2hc}{\lambda} - 2\varnothing$ ........(3)

$\boxed{v_2 \quad 2V_1}$

**139.** 0.3 T નું એકસમાન ચુંબકીય ક્ષેત્ર ધન Z દિશામાં પ્રસ્થાપિત કરેલ છે. XY પ્લેનમાં 10 cm અને 5 cm બાજુઓવાળી એક લંબચોરસ લૂપને આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે મુકેલ છે. જેનો પ્રવાહ I = 12 A ધારણ કરેલ છે. આ લૂપ પરનું ટોર્ક છે.




(1) $-1.8\times10^{-2}\hat{j}$ Nm (2) શૂન્ય

(3) $-1.8\times10^{-2}\hat{i}$ Nm (4) $+1.8\times10^{-2}\hat{i}$ Nm

**Sol.**




$\vec{\tau} = NI\vec{A}\times\vec{B}$

$= \vec{A} \parallel \vec{B}$

$\theta = 0$

$\vec{\tau} = NIAB\sin\theta$

$\boxed{\vec{\tau} \quad 0}$

**140.** પ્રારંભમાં સ્થિર પદાર્થ 2M અને 3M દળના બે ટૂકડામાં વહેંચાય છે. અને તેમની બન્નેની મળીને કુલ ગતિ ઊર્જા E છે. ટૂકડામાં વહેચાયા બાદ 2M દળના ટૂકડાની ગતિ ઊર્જા છે.

(1) $\frac{E}{2}$ (2) $\frac{E}{5}$ (3) $\frac{3E}{5}$ (4) $\frac{2E}{5}$

**Sol.** વેગમાન સંરક્ષણ પરથી

$0 = 2MV_1 - 3MV_2$

$2MV_1 = 3\ MV_2$

$\boxed{V_1 \quad \frac{3}{2}V_2}$

$V_2 \ \frac{2}{3}V_1 \qquad E \ \frac{1}{2}2MV_1^2 + \frac{1}{2}3M\frac{4}{9}v_1^2$

$E \ \ MV_1^2 \ \ \frac{2}{3}MV_1^2 \ E \ \ \frac{5}{3}MV_1^2$ ........(2)

2M ની ગતિ ઊર્જા

$E^1 \ \ \frac{1}{2}(2M)V_1^2$

$\boxed{E^1 \ \ \frac{3}{5}E}$

**141.** પૃથ્વી ફરતે 3 $R_E$ ત્રિજ્યાનાં m દળનો એક ઉપગ્રહ ગોળાકાર કક્ષામાં છે. (પૃથ્વીનું દળ $M_E$ અને પૃથ્વીની ત્રિજ્યા $R_E$) આ ઉપગ્રહને 9 $R_E$ ત્રિજ્યાની કક્ષામાં લઈ જવા માટે જરૂરી વધારાની ઊર્જા કેટલી હશે ?

(1) $\frac{GM_Em}{18R_E}$ (2) $\frac{3GM_Em}{2R_E}$

(3) $\frac{GM_Em}{9R_E}$ (4) $\frac{GM_Em}{3R_E}$

**Sol.** ઉપગ્રહની કુલ ઊર્જા $E \ \ \frac{-GM_em}{2r}$

$r = 3\ R_E \qquad E_1 \ \ \frac{-GM_em}{6R_E}$

$r = 9\ R_E \qquad E_2 \ \ \frac{-GM_em}{18R_E}$

વધારાની ઊર્જા

$\Delta E = \frac{-GMem}{18Re} - \left(\frac{-GMem}{6Re}\right)$

$\Delta E \ \ \frac{2GMem}{18Re} \quad \boxed{\Delta E \ \ \frac{GMem}{9Re}}$

**142.** 'M' દળનો અને 'L' લંબાઈનો એક પાતળો નિયમિત સળિયો તેના કેન્દ્રમાંથી પસાર થતી લંબ અક્ષ ફરતે અચળ કોણીય વેગ 'ω' થી ઘ્રુણન કરે છે. $\frac{M}{3}$ દળનો એક એવા બે પદાર્થ સળિયાના બે છેડા પર લગાડેલ છે. આ સળિયો ક્યા કોણીય વેગથી ઘ્રુણન કરશે ?

(1) $\frac{1}{7}\omega$ (2) $\frac{1}{6}\omega$ (3) $\frac{1}{2}\omega$ (4) $\frac{1}{3}\omega$

**Sol.**




પ્રારંભમાં કોણીય વેગમાન

$L_1 = I\omega$

$L_1 = \frac{ML^2}{12}\omega$ ........(1)




અંતિમ કોણીય વેગમાન

$L_2 \ \ \left(\frac{ML^2}{12} \ \ \frac{M}{3}\frac{L^2}{4} \ \ \frac{M}{3}\frac{L^2}{4}\right)\omega'$

કોણીય વેગમાનનું સંરક્ષણ

$\frac{ML^2}{12}\omega \ \ \left(\frac{ML^2}{12} \ \ \frac{ML^2}{12} \ \ \frac{ML^2}{12}\right)\omega'$

$\omega = 3\omega'$

$\omega' \ \ \frac{\omega}{3}$

**143.** E emf અને 'r' આંતરિક અવરોધનો એક કોષ ચલિત બાહ્ય અવરોધ 'R' સાથે જોડેલ છે. ક્યો આલેખ એ R ની સાપેક્ષે કોષનો ટર્મિનલ વોલ્ટેજ 'V' આપે છે ?

(1) 


(2) 


(3) 


(4) 

**Sol.** $V = E - Ir$

$E = V + Ir$




જો R = 0 પ્રવાહ વધે(Ir વધે) Vઘટે

જો R =  વધે પ્રવાહ ઘટે (Ir ઘટે) V વધે

**144.** પૃથ્વીને M દળનો અને R ત્રિજ્યાનો એક ઘન ગોળો ધારો. જો પૃથ્વીની સપાટીથી નીચે 'd' ઉંડાઈએ ગુરૂત્વ પ્રવેગનું મૂલ્ય પૃથ્વીની સપાટીથી 'h' ઉંચાઈ ઉપરના ગુરૂત્વ પ્રવેગ જેટલું અને જે $\frac{g}{4}$ છે. (જ્યાં g એ પૃથ્વીની સપાટી પરના ગુરૂત્વ પ્રવેગનું મૂલ્ય છે) તો $\frac{h}{d}$ નો ગુણોત્તર થશે :

(1) $\frac{4}{3}$ (2) $\frac{3}{2}$ (3) $\frac{2}{3}$ (4) 1

**Sol.** $g(h) = \frac{g}{\left(1 \;\; \frac{h}{R_e}\right)^2}$

$\frac{g}{4} \;\; \frac{g}{\left(1 \;\; \frac{h}{R_e}\right)^2}$

$1 \;\; \frac{h}{R_e} \;\; 2$

$\frac{h}{R_e} \;\; 1$.....(1)

$g(d) = g\left(1-\frac{d}{R_e}\right)$

$\frac{g}{4} = g\left(1-\frac{d}{R_e}\right)$

$\frac{d}{R_e} = 1-\frac{1}{4}$

$\frac{d}{R_e} \;\; \frac{3}{4}$ .......(2)

$\boxed{\frac{h}{d} \;\; \frac{4}{3}}$

**145.** એક સમાંતર પ્લેટસ કેપેસિટરને 5 ડાયઈલેક્ટ્રિક અચળાંક ધરાવતા ડાયઈલેક્ટ્રિક ઉપયોગથી એ રીતે ડિઝાઈન કરવાનો છે કે તેની ડાયઈલેક્ટ્રિક સ્ટ્રેન્થ $10^9\ Vm^{-1}$ થાય. જો કેપેસિટરનો વોલ્ટેજ રેટિંગ 12 kV હોય, તો 80 pF કેપેસિટન્સ હોય તેવા કેપેસિટરની દરેક પ્લેટનું લઘુત્તમ ક્ષેત્રફળ હોવું જોઈએ.

(1) $21.7\times10^{-6}\ m^2$ (2) $25.0\times10^{-5}\ m^2$

(3) $12.5\times10^{-5}\ m^2$ (4) $10.5\times10^{-6}\ m^2$

**Sol.** $Q = CV$

$\sigma = \frac{Q}{A} \;\; \frac{CV}{A}$

$E_0 \;\; \frac{\sigma}{\epsilon_0},\ E \;\; \frac{E_0}{K},\ E \;\; \frac{CV}{\epsilon_0 AK}$

$\boxed{A \;\; \frac{CV}{\epsilon_0 EK}}$

$\boxed{A = 21.7\times10^{-6} m^2}$

**146.** એક સમાંતર પ્લેટ કેપેસિટરમાં વિદ્યુતક્ષેત્ર E એ સમય સાથે $t^2$ રીતે બદલાય છે. પ્રેરીત ચુંબકીય ક્ષેત્રમાં સમય સાથેનો બદલાવ આપવામાં આવે છે.

(1) બદલાશે નહી (2) $t^3$

(3) t (4) $t^2$

**Sol.** $E \;\; t^2$

$B \;\; \frac{dE}{dt} \;\; B \;\; \frac{d}{dt} \;\; t^2$ , B= 2t

$\boxed{B \;\; t}$

**147.** 1 kg દળના એક દડાને ઉર્ધ્વ દિશામાં ઉપર ફેંકવામાં આવે છે જે 3 seconds બાદ ગ્રાઉન્ડ પર પરત ફરે છે. બીજા દડાને ઉર્ધ્વ સાથે $60^0$ ના ખૂણે ફેંકવામાં આવે છે તે પણ ગ્રાઉન્ડ પર પરત ફરતાં પહેલા તેટલો જ સમય હવામાં રહે છે. આ બન્ને ઉંચાઈઓનો ગુણોત્તર છે :

(1) 1 : 2 (2) 1 :1 (3) 2 : 1 (4) 1 : 3

**Sol.** ઉડ્ડયન સમય $T = \frac{2u\sin\theta}{g}$

$3 = \frac{2u\sin 30}{10}$

$\boxed{u \;\; 30 ms^{-1}}$

$H_1 = \frac{u^2 \sin^2 \theta}{2g} \quad \frac{45}{4} m$

નીચેથી ઉપર જવા માટેનો સમય $\frac{3}{2}$sec

$H_2 = \frac{1}{2} \times 10 \times \frac{9}{4}$

$H_2 \quad \frac{45}{4} m$

$\therefore H_1 : H_2 \quad 1:1$

**148.** જ્યારે વાયુના તાપમાનમાં $30^0$ C થી $90^0$ C નો વધારો કરવામાં આવે છે. ત્યારે અણુઓના r.m.s. વેગમાં થતો પ્રતિશત વધારો થશે.

(1) 10% (2) 15% (3) 30% (4) 60%

**Sol.** $V_{rms} \quad \sqrt{\frac{3K_BT}{M}}$, $V_{rms} \quad \sqrt{T}$

$\frac{V_{rms_2} - V_{rms_1}}{V_{rms_1}} \quad \frac{\sqrt{T_2} - \sqrt{T_1}}{\sqrt{T_1}}$

$\frac{\sqrt{363} - \sqrt{303}}{\sqrt{303}} \times 100\%$

$= 9.48$

$\approx 10\%$

**149.** એક ઘટ માધ્યમ કે જેનો વક્રીભવનાંક 1.414 છે તેના પર $45^0$ ના ખૂણે પ્રકાશનું એક પૂંજ આપાત થાય છે. આ માધ્યમમાં વક્રીભૂત પુંજની પહોળાઈ અને હવામાં આપાત પુંજની પહોળાઈનો ગુણોત્તર શોધો.

(1) $1 : \sqrt{2}$ (2) $\sqrt{2} : 1$

(3) $\sqrt{2} : \sqrt{3}$ (4) $\sqrt{3} : \sqrt{2}$

**Sol.**




$\cos 30 = \frac{x}{\sqrt{2}}$

$x \quad \sqrt{2}.\frac{\sqrt{3}}{2}$

$\boxed{x \quad \frac{\sqrt{3}}{\sqrt{2}}}$

$\therefore x : y \quad \sqrt{3} : \sqrt{2}$

**150.** અચળ પાવરના એક ઉદ્‌ગમની અચળ નીચે એક પદાર્થ એક દિશામાં ગતિ કરવાનું શરૂ કરે છે. આપેલ આલેખોમાંથી કયો આલેખ સ્થાનાંતર (s) નું સમય (t) સાથેનો બદલાવ સારી રીતે રજૂ કરે છે ?

(1)



(2)



(3)



(4)



**Sol.** P = FV

$P = m\frac{as}{t} \qquad \left(F \quad \frac{ms}{t^2}\right)$

$P \quad \frac{ms^2}{t^3} \qquad$ (P = અચળ)

$S^2 \quad t^3$

$S \quad t^{\frac{3}{2}}$



**151.** આકૃતિમાં દર્શાવેલ વિદ્યુત પરિપથમાં AB બાજુમાંથી વહેતો પ્રવાહ i છે.




(1) $\frac{10}{33}$A (2) $\frac{1}{5}$A (3) $\frac{10}{63}$A (4) $\frac{6}{25}$A

**Sol.** Req = 25 Ω

$I = \frac{10}{25}$

$\boxed{I \quad 0.4}$

$I_{20\Omega} \quad \frac{30\times\frac{4}{10}}{20 \quad 30} \quad \frac{12}{50} \quad \frac{6}{25}A$

**152.** એક સમતલ રોડ પર એક સાયકલ સવાર 3m ત્રિજ્યાનો એક શાર્પ વર્તુળાકાર વળાંક લે છે. ($g = 10\ ms^{-2}$) જો સાયકલના ટાયર અને રોડ વચ્ચેનો સ્થિત ઘર્ષણાંક જો 0.2 હોય, તો નીચેનામા કઈ ઝડપે વળાંક લેતા આ સાયકલ લપસસે નહી ?

(1) 7.2 km $h^{-1}$ (2) 9 km $h^{-1}$

(3) 10.8 km $h^{-1}$ (4) 14.4 km $h^{-1}$

**Sol.** $v = \sqrt{\mu_s rg}$

$= \sqrt{0.2\times3\times10} = \sqrt{6}\times\frac{3600}{1000}$

$v = 8.78 \approx 9\ km/h$

**153.** અર્ધવાહક જર્મેનિયમ સ્ફટિકની બે બાજુઓ A અને B ને આર્સેનિક અને ઈન્ડિયમ વડે ક્રમશઃ ડોપિંગ કરેલ છે. જેમને બેટરી સાથે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે જોડેલ છે.




આ ગોઠવવા માટે વોલ્ટેજ-પ્રવાહનો સાચો ગ્રાફ છે

(1) 


(2) 


(3) 


(4) 


**Sol.** 

રીવર્સ બાયસ




**154.** જેમની તીવ્રતાનો ગુણોત્તર α છે તેવા બે સુસબંધ ઉદ્‌ગમો અંતરક્ષેપ પામે છે. $\frac{I_{max} - I_{min}}{I_{max} \quad I_{min}}$ નું મૂલ્ય છે.

(1) $\frac{2\sqrt{\alpha}}{1+\alpha}$ (2) $\frac{1+\alpha}{2\sqrt{\alpha}}$

(3) $\frac{1+\alpha}{1-\alpha}$ (4) $2\sqrt{\frac{\alpha}{1+\alpha}}$

**Sol.** $\frac{I_{max} - I_{min}}{I_{max} \quad I_{min}} \quad \frac{2\sqrt{\alpha}}{1 \quad \alpha}$

**155.** કોઈ એક ચોક્કસ ગ્રહ માળામાં એક જોવા મળેલ છે કે કોઈ એક અવકાશી પદાર્થ કે જેની સપાટીનું તાપમાન 200 K છે તે મહત્તમ તીવ્રતાના વિકિરણ ઉત્સર્જીત કરે છે કે જેની તરંગલંબાઈ 12 μm નજીકની છે. આની નજીકનો તારો કે જે મહત્તમ પ્રકાશ ઉત્સર્જીત કરે છે તેની તરંગલંબાઈ λ = 4800Å છે તો આ તારાની સપાટીનું તાપમાન છે.

(1) 5000 K (2) 2500 K

(3) 10000 K (4) 7500 K

**Sol.** $\lambda \alpha \frac{1}{T}$

$\frac{T_2}{T_1} \quad \frac{\lambda_1}{\lambda_2} \quad \frac{12\times10^{-6}}{48\times10^{-8}}$

$\boxed{T_2 \quad 5000K}$

**156.** નીચે આપેલ લોજીક ગેટ્સની સર્કિટમાંથી મૂળભૂત લોજીક ગેટ મેળવી શકાય છે તે




(1) AND ગેટ (2) OR ગેટ

(3) NOT ગેટ (4) NAND ગેટ

**Sol.**




$Y = \overline{AB.B} \quad \overline{AB} \quad \overline{B}$

$\overline{A} \quad \overline{B} \quad \overline{B}$

$\overline{A} \quad \overline{B}$

$Y \quad \overline{A.B}$ (દ-મોર્ગનની રીત)

આથી NAND ગેટ

**157.** એક એર-કોર સોલેનોઈડ સાથે શ્રેણીમાં જોડેલ બલ્બ એક a.c. ઉદ્‌ગમથી પ્રજ્વલીત થાય છે. જો સોલેનોઈડમાં એક નરમ લોખંડની કોર દાખલ કરવામાં આવે તો




(1) બલ્બ વધારે તેજસ્વીતા સાથે પ્રજ્વલીત થશે.

(2) બલ્બની તેજસ્વીતામાં કોઈ ફેરફાર નહી થાય

(3) બલ્બ હવે મંદ (dim) થશે.

(4) બલ્બ પ્રજ્વલીત થવાનું બંધ થશે.

**Sol.** બલ્બ હવે મંદ થશે.

**158.** એક પદાર્થના અણુની કાયમી દ્વિધ્રુવીય ચાકમાત્રા p છે. એક તીવ્ર સ્થિતવિદ્યુત ક્ષેત્ર E આપીને આ પદાર્થના એક મોલને ધ્રુવીભૂત કરવામાં આવે છે. એકાએક આ ક્ષેત્રની દિશા 60° ખૂણા જેટલી બદલવામાં આવે છે. જો N એવોગેડ્રો અંક હોય તો આ ક્ષેત્ર વડે થતું કાર્યનો જથ્થો છે

(1) $\frac{1}{2}NpE$ (2) NpE

(3) $\frac{3}{2}NpE$ (4) 2NpE

**Sol.** 1 મોલ માટે $W = PE\cos\theta_1 - PE\cos\theta_2$

N મોલ માટે $W = NPE(\cos 0 - \cos 60)$

$\boxed{W \quad \frac{NPE}{2}}$

**159.** બે પિપુંડીઓ (organ pipes) કે જેમની મૂળભૂત આવૃત્તિઓ $n_1$ અને $n_2$ છે તેમને શ્રેણીમાં જોડેલ છે. આ રીતે મેળવેલ નવી પિપુંડીની મૂળભૂત આવૃત્તિ થશે

(1) $\frac{n_1 \quad n_2}{2}$ (2) $\sqrt{n_1^2 \quad n_2^2}$

(3) $\frac{n_1 n_2}{n_1 \quad n_2}$ (4) $(n_1 \quad n_2)$

**Sol.** $f \quad \frac{1}{l}, \ n_1 \alpha \frac{1}{\ell_1}, n_2 \alpha \frac{1}{\ell_2}$

શ્રેણી $n\,\alpha \frac{1}{\ell_1 \quad \ell_2}$

$n\,\alpha \frac{1}{\frac{1}{n_1} \quad \frac{1}{n_2}}$

$\boxed{n\,\alpha \frac{n_1 n_2}{n_1 \quad n_2}}$

**160.** આકૃતિમાં બતાવ્યા પ્રમાણે જેના પાયાનું ક્ષેત્રફળ 0.2 $m^2$ તેવા એક બ્લોકને 0.02 kg નું દળ એક દોરી વડે એક આદર્શ ગરગડી પરથી લગાડેલ છે. એક પ્રવાહીનું 0.6 mm જાડાઈનું પાતળું સ્તર આ બ્લોક અને ટેબલ વચ્ચે મૂકવામાં આવે ચે. જ્યારે બ્લોકને છોડવામાં આવે છે તો તે 0.17 m ની અચળ ઝડપથી જમણી તરફ ગતિ કરે છે. આ પ્રવાહીનો સ્નિગ્ધતાંક છે.




(1) $3.45 \times 10^{-2}$ Pa–s

(2) $3.45 \times 10^{-3}$ Pa–s

(3) $3.45 \times 10^{2}$ Pa–s

(4) $3.45 \times 10^{3}$ Pa–s

**Sol.** $T = F = \eta\ A\ \frac{\Delta v}{\Delta x}$

$\eta = \frac{T\Delta x}{A\Delta V} = \frac{mg\,\Delta x}{A\,\Delta V}$

$\eta = 3.45 \times 10^{-3}$ Pas

**161.** વિદ્યુતચુંબકોનાં દ્રવ્યમાં નરમ લોખંડના વપરાસના બે કારણો

(1) ઉચ્ચ પારગમ્યતા અને નિમ્ન ધારિતા

(2) નિમ્ન પારગમ્યતા અને નિમ્ન ધારિતા

(3) ઉચ્ચ પારગમ્યતા અને ઉચ્ચ ધારિતા

(4) નિમ્ન પારગમ્યતા અને ઉચ્ચ ધારિતા

**Sol.** ઉચ્ચ પારગમ્યતા અને નિન્મધારિતા

**162.**




m દળના એક પૈડા પર વ્યાસના બે વિરૂધ્ધ બિંદુઓ પર +q અને –q વિજભાર છે. એક ખરબચડા ઢળતાં પાટિયા પર ઉર્ધ્વ વિદ્યુતક્ષેત્ર E ની હાજરીમાં તે સંતુલનમાં રહે છે. તો E નું મૂલ્ય છે.

(1) $\frac{mg}{q}$ (2) $\frac{mg}{2q}$

(3) $\frac{mg\tan\theta}{2q}$ (4) $\frac{mg\tan\theta}{q}$

**Sol.** સંતુલન માટે → $mg = 2qE$

$f = mg\sin\theta$

$rf = PE\sin\theta$

$rmg\sin\theta = 2qrE\sin\theta$

$\boxed{E\ \ \frac{mg}{2q}}$

**163.** $P(V - b) = RT$ સ્થિતિ સમીકરણનું પાલન કરતા એક મોલ વાયુને $(P_1 - V_1)$ યામ અવસ્થામાંથી $(P_2 - V_2)$ યામ અવસ્થામાં વિસ્તારિત કરવામાં આવે છે જેની પ્રક્રિયાને P – V ડાયેગ્રામ પર સુરેખા વડે પ્રસ્થાપિત કરી શકાય છે. તો આમ થતું કાર્યને આપવામાં આવે છે.

(1) $\frac{1}{2}(P_1 + P_2)(V_2 - V_1)$

(2) $\frac{1}{2}(P_2 - P_1)(V_2 - V_1)$

(3) $\frac{1}{2}(P_1 + P_2)(V_2 - V_1\quad 2b)$

(4) $\frac{1}{2}(P_2 - P_1)(V_2\quad V_1\quad 2b)$

**Sol.**




$W = \frac{1}{2}(P_1 - P_2)\ (V_1 - V_2) + (V_2 - V_1)P_2$

$= (V_2 - V_1)\left(\frac{P_1}{2} - \frac{1}{2}P_2\quad P_2\right)$

$\boxed{W\ \ \frac{1}{2}(P_1\quad P_2)(V_2\quad V_1)}$

**164.** 10 cm ત્રિજ્યા, 500 આંટા અને 2Ω અવરોધ ધરાવતી એક કોઈલને તેનું સમતલ પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રના સમક્ષિતિજ ઘટકને લંબ રહે તેમ મૂકેલ છે. તેને તેના ઉર્ધ્વ વ્યાસ ફરતે 0.25 s માં 180° ફેરવવામાં આવે છે. આ કોઈલમાં પ્રેરીત થતું e.m.f. છે. ($H_E = 3.0 \times 10^{-5}$T)

(1) $1.4 \times 10^{-2}$ V (2) $2.6 \times 10^{-2}$ V

(3) $3.8 \times 10^{-3}$ V (4) $6.6 \times 10^{-4}$ V

**Sol.** $\in \; 2\frac{NBA}{\Delta t}$

$\left[\in \; \frac{NBA\cos 0 - NBA\cos 180}{\Delta t}\right]$

$\in \; \frac{2\times N\times H_E \times \pi r^2}{\Delta t}$

$\in = 3.8\times 10^{-3}\,V$

**165.** સામાન્ય દબાણે એક ધાતુની ઘનતા ρ છે. વધારાનું દબાણ p આપતાં તેની ઘનતા ρ' છે. જો તેનો કદ સ્થિતિસ્થાપકતા આંક B છે. તો $\frac{\rho'}{\rho}$ નો ગુણોત્તર છે.

(1) $\frac{1}{1-\frac{p}{B}}$ (2) $1 \;\; \frac{P}{B}$

(3) $\frac{1}{1 \;\; \frac{P}{B}}$ (4) $1 \;\; \frac{B}{p}$

**Sol.** $B = -\frac{PV}{\Delta V}$

$\Delta V = -\frac{PV}{B}$

(P વધે ⇒ V ઘટે, તેથી $-\frac{PV}{B}$ ધન મળે)

$V' = V - \Delta V = V - \frac{P}{B}V$

$V' = V\left(1-\frac{P}{B}\right)$

$\Rightarrow \frac{V'}{V} = 1-\frac{P}{B}$

$\frac{\rho'}{\rho} \;\; \frac{V}{V'} \;\; \frac{1}{1-\frac{P}{B}}$

**166.** ડોપ્લર અસરના લીધે, 6000 Å તરંગલંબાઈ ઉત્પન્ન કરતા એક તારા માટે તરંગલંબાઈમાં જોવા મળતી શિફ્ટ 0.1 Å છે. આ તારાની ગતિનું અવમંદન (recession) છે :

(1) 2.5 km $s^{-1}$ (2) 10 km $s^{-1}$

(3) 5 km $s^{-1}$ (4) 20 km $s^{-1}$

**Sol.** $\frac{\Delta\lambda}{\lambda} \;\; \frac{v}{C}$

$\frac{0.1}{6000} \;\; \frac{v}{3\times 10^8}$

$v$ = 5 km/s

**167.** એક વ્યક્તિનું નજીકનું બિંદુ (near point) cm છે. આંખથી 2 cm દૂર રહેલ ચશ્માના ગ્લાસથી 22 cm દૂર વાંચવા માટેના ચશ્માના કાચની કેન્દ્રલંબાઈ છે.

(1) 10 cm (2) 20 cm

(3) 30 cm (4) 40 cm

**Sol.** u 60

$v$ = 20

$\frac{1}{f} = \frac{1}{-20} - \frac{1}{-60}$

$\frac{1}{f} \;\; \frac{-60 \;\; 20}{20\times 60}$

$f \;\; \frac{1200}{-40}$

f 30

**168.** આકૃતિમાં બતાવ્યા પ્રમાણે એક દિવાલ એકાંતરે ક્રમશઃ $K_1$ અને $K_2$ ઉષ્મા વાહકતાંક ધરાવતા 'd' લંબાઈના બ્લોકસ ધરાવે છે. આ બ્લોકસના આડછેદ સમાન છે. આ દિવાલની ડાબી અને જમણી બાજુ વચ્ચેનો સમતુલ્ય ઉષ્મા વાહકતાં છે



(1) $\frac{2K_1K_2}{K_1 \quad K_2}$ (2) $\frac{K_1 \quad K_2}{3}$

(3) $\frac{2K_1K_2}{K_1 \quad K_2}$ (4) $\frac{K_1 \quad K_2}{2}$

**Sol.** $K_{eq} \quad \frac{\Sigma K_i A_i}{\Sigma A_i}$

$= \frac{K_1A \quad K_2A \quad K_1A \quad K_2A \quad K_1A \quad K_2A}{6A}$

$K_{eq} \quad \frac{K_1 \quad K_2}{2}$

**169.** $\vec{A}-\vec{B}$ અને $\vec{A}\times\vec{B}$ વચ્ચેનો ખૂણો $\vec{A}\neq\vec{B}$

(1) 90° (2) 120° (3) 45° (4) 60°

**Sol.** $\vec{A},\vec{B}$, $\vec{A}-\vec{B}$ એક જ સમતલમાં હોય $\vec{A}\times\vec{B}$ એ $\vec{A},\vec{B}$ અને $\vec{A}-\vec{B}$ ના સમતલને લંબ હોય તો $\vec{A}-\vec{B}$ અને $\vec{A}\times\vec{B}$ વચ્ચેનો ખૂણો 90° હોય.

**170.** સમાન વિદ્યુત ઘતના σ ધરાવતા એક વિજભારીત સમાંતર પ્લેટ્સ કેપેસિટરની અંદર એક ઈલેક્ટ્રોન સીધો ગતિ કરે છે. પ્લેટ્સ વચ્ચેની જગ્યા આકૃતિમાં બતાવ્યા મુજબ B તીવ્રતાનું સમાન ચુંબકીય ક્ષેત્રથી ભરવામાં આવેલ છે. ગુરૂત્વાકર્ષણની અસરને અવગણતા, કેપેસિટરમાં આ ઈલેક્ટ્રોનની સીધી લીટીમાં ગતિનો સમય છે.




(1) $\frac{\sigma}{\varepsilon_0 l B}$ (2) $\frac{\varepsilon_0 B}{\sigma}$

(3) $\frac{\sigma}{\varepsilon_0 B}$ (4) $\frac{\varepsilon_0 l B}{\sigma}$

**Sol.** $F_E \quad F_B$

$eE \quad evB$

$E = \frac{l}{t}B$

$t = \frac{lB\varepsilon_0}{\sigma}$

**171.** નક્કર ધાતુના ભોયતળિયા પર 1 m લંબાઈનો એક ધાતુનો સળિયો એકદમ શિરોલંબ છોડવામાં આવે છે. ઓસિલોસ્કોપ વડે એ શોધવામાં આવ્યુ કે તે 1.2 kHz આવૃતિનો સંગત તરંગ ઉત્પન્ને કરે છે. આ ધાતુના સ ળિયામાં ધ્વ નિની ઝડપ છે :

(1) 2400 m/s (2) 1800 m/s

(3) 1200 m/s (4) 600 m/s

**Sol.** $v = f\lambda \ (\lambda \quad 2L)$

$v \quad 2Lf$

$v \quad 2400 \text{ m/s}$

**172.** હાઈડ્રોજન વર્ણપટના પાર-જાંબલી વિભાગની ઉચ્ચતમ (મહત્તમ) તરંગલંબાઈ $\lambda_0$ છે તો તેના પાર-રક્ત વિભાગની ન્યૂનતમ તરંગલંબાઈ છે :

(1) $\frac{20}{3}\lambda_0$ (2) $\frac{36}{5}\lambda_0$

(3) $\frac{27}{4}\lambda_0$ (4) $\frac{46}{7}\lambda_0$

**Sol.** પારજાંબલી માટે (મહત્તમ)

$\frac{1}{\lambda_0} = R\left(1-\frac{1}{4}\right) \Rightarrow \frac{1}{\lambda_0} \quad \frac{3}{4}R$ .....(1)

પારરક્ત માટે (ન્યૂનત્તમ)

$\frac{1}{\lambda'} \quad R\left(\frac{1}{9}\right)R \qquad \frac{\lambda'}{\lambda_0} \quad \frac{27}{4}$

**173.** λ તરંગલંબાઈનો એક સમાંતર પ્રકાશ પુંજ d પહોળાઈની એક સિંગલ સ્લિટ લંબરૂપે આપાત થાય છે. વિવર્તન ભાત એ સ્લિટથી D અંતરે મુકેલ પડદા પર મળે છે. મધ્ય તેજસ્વી બેન્ડથી કેટલા અંતરે દ્વિધ્રુવીય અપ્રકાશીત બેન્ડ મળશે તે આપવામાં આવે છે :

(1) λ d D (2) $\frac{\lambda D}{2d}$ (3) $\frac{2\lambda d}{D}$ (4) $\frac{2\lambda D}{d}$

**Sol.** વિવર્તન માટે અપ્રકાશીત શલાકાની શરત

$\frac{xd}{D} = n\lambda$ જ્યાં n  2

$x_2 \quad \frac{2\lambda D}{d}$

**174.** 1 મોલ આદર્શ વાયુ કે જેનો સમોષ્મી ચરઘાતાંક $\gamma$ છે તેનું કદ $V \quad \frac{b}{T}$ સબંધની રીતે બદલાય છે જ્યાં b = અચળ એ પ્રક્રિયા કે જેમાં તાપમાનમાં $\Delta T$વધારો થાય તો આ વાયુ વડે શોષણ થતી ઉષ્માનો જથ્થો થશે :

(1) $\frac{R}{\gamma-1}\Delta T$ (2) $\left(\frac{2-\gamma}{\gamma-1}\right)R\Delta T$

(3) $\frac{R\Delta T}{\gamma-1}$ (4) $\left(\frac{1-\gamma}{\gamma \quad 1}\right)R\Delta T$

**Sol.** $v \quad \frac{b}{T}$

$PV = \mu RT$

$PV = \mu\frac{Rb}{v} \Rightarrow PV^2 = \mu Rb$

$PV^2$ અચળ, ને $PV^x$ = અચળ, સાથે સરખાવતાં

x = 2

શોષાતી ઉષ્મા, $\Delta Q = \mu C\Delta T$ જ્યાં

$C = \frac{R}{\gamma-1} \quad \frac{R}{1-x} = \frac{R}{\gamma-1} - R$

$= R\left(\frac{1-\gamma+1}{\gamma-1}\right) \quad R\left(\frac{2-\gamma}{\gamma-1}\right)$

$\Delta Q = R\Delta T\left(\frac{2-\gamma}{\gamma-1}\right)$

**175.** એક છોકરી ચાલુ બસે, બસની ગ તિની દિશામાં થોડોક આગળ ઝુકીને નીચે કુદકો મારે છે. તે પડે છે (a) બરફની સીટ (b) ચીકણા ભાગ પર :

(1) બંન્ને કિસ્સા (a) અને (b)માં તે આગળ તરફ પડશે.

(2) બંન્ને કિસ્સા (a) અને (b)માં તે પાછળ તરફ પડશે.

(3) કિસ્સા (a) માં તે આગળ તરફ પડશે અને કિસ્સા (b)માં તે પાછળ તરફ પડશે.

(4) કિસ્સા (a) માં તે પાછળ તરફ પડશે અને કિસ્સા (b)માં તે આગળ તરફ પડશે.

**Sol.** બંને કિસ્સા (a) અને (b) માં આગળ તરફ પડશે.

**176.** 3 kg દળ અને 0.2 m ત્રિજયાનો એક ઘન ગોળો 7 m ઉંચાઈ એક ઢળતા પાટિયા પરથી રગડે છે જેની ભ્રમણ ગતિ ઊર્જા છે.

(1) 60 J (2) 36 J (3) 70 J (4) 42 J

**Sol.** $mgh = \frac{1}{2}mv^2 + \frac{1}{2}I\omega^2$

$\left(I \quad \frac{2}{5}mR^2\right)$

$v = 10$ m/s

ચાકગતિ ઊર્જા = $K_r = \frac{1}{2}I\omega^2$

$= \frac{1}{2}\left(\frac{2}{5}\right)MR^2\frac{v^2}{R^2}$

$K_r = 60$ J

**177.** એક કોમન એમિટર એમ્પિલફાયર પરિપથ નીચેની આકૃતિમાં દર્શાવે છે. પરિપથમાં વપરાયેલ ટ્રાન્ઝિસ્ટરનો પ્રવાહવર્ધક અંક $\beta_{dc} = 1$ છે. બીજા પ્રાચલો આકૃતિમાં દર્શાવેલ છે.




અમે મેળવ્યુ કે :

(1) $V_{BE}$ = + 18.5 V, $V_{BC}$ = + 2.85 અને એમ્પિલફાયર કામ કરતો નથી.

(2) $V_{BE}$ = + 20.7 V, $V_{BC}$ = + 3.75 અને એમ્પિલફાયર કામ કરતો નથી.

(3) $V_{BE}$ = + 21.5 V, $V_{BC}$ = – 2.75 અને એમ્પિલફાયર કામ કરે છે.

(4) $V_{BE}$ = + 18.2 V, $V_{BC}$ = – 3.45 અને એમ્પિલફાયર કામ કરે છે.

**Sol.** $\beta \quad 100$

$I_B \quad \frac{I_C}{\beta}$

$I_B = 15\ \mu A$

$V_{CC}\quad I_BR_B\quad V_{BE}$

$V_{BE} = 24 - (15 \times 10^{-6} \times 220 \times 10^3)$

$V_{BE} = 20.7$ V

$V_{BC} = I_CR_L - I_BR_B = 7.05 - 3.3 = 3.75$ V

એમ્પ્લિફાયર કામ કરતો નથી.

**178.** જો ન્યુટ્રોનનું દળ $1.7 \times 10^{-27}$ kg હોય તો 3 eV ઊર્જા ધરાવતા ન્યુટ્રોનની ડિ-બ્રોગલી તરંગ લંબાઈ છે : $(h = 6.6 \times 10^{-34}$ Js)

(1) $1.6 \times 10^{-10}$ m (2) $1.65 \times 10^{-11}$ m

(3) $1.4 \times 10^{-10}$ m (4) $1.4 \times 10^{-11}$ m

**Sol.** $\lambda \quad \dfrac{h}{\sqrt{2\,m\,E}} \quad 1.65 \times 10^{-11}\text{m}$

**179.** m દળના એક દૃઢ પદાર્થનું કોઈ એક અક્ષ ફરતે કોણીય વેગમાન તેના રેખીય વેગમાન (P) થી n ગણું છે. આ દૃઢ પદાર્થની કુલ ગતિ ઊર્જા છે :

(1) $\dfrac{P^2[1\quad n^2]}{2m}$ (2) $\dfrac{n^2P^2}{2m}$

(3) $n^2P^2 \times 2$ m (4) $\dfrac{n^2P^2}{2}$

**Sol.** Bonus

**180.** એક વિદ્યાર્થી વર્નિયર કે લિપરની મદદથી એક ચોસલા (slab)ની જાડાઈ માપવાનો પ્રયોગ કરે છે. જયાં વર્નિયર સ્કેલના 50 કાપાએ મુખ્ય સ્કેલના 49 કાપા બરાબર છે. તે નોંધે છે કે વર્નિયર સ્કેલનો શૂન્ય મુખ્ય સ્કેલના 7.00 cm અને 7.05 cm વચ્ચે છે અને વર્નિયર સ્કેલનો 23મો કાપો મુખ્ય સ્કેલ સાથે સંપાત થાય છે. આ કેલિપરની મદદથી આપેલ ચોસલાની માપવામાં આવેલ જાડાઈ થશે :

(1) 7.23 cm (2) 7.023 cm

(3) 7.073 cm (4) 7.23 cm

**Sol.** a = મુખ્ય માપ પટ્ટી પરના સ્કેલની સંખ્યા

b = વર્નિયર માપપટ્ટી પરની સંખ્યા

$\text{L.C.}\quad \left(\dfrac{b-a}{b}\right)M$

$= \dfrac{50-49}{50}M$ M = મુખ્ય અવલોકન

$\text{L.C.}\quad \dfrac{M}{50}$ $M = 7.05 - 7.00$

$\text{L.C.}\quad \dfrac{0.05}{50}$ $M = 0.05$

L.C. = 0.001

અવલોકન $= 7 + 0.001 \times 23 = 7.023$ cm